

સેક્ટર-૨૮ ખાતે સ્થિત દત્ત મંદિરના પાટોત્સવની ઉજવણી રવિવારે કરવામાં આવી હતી. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

# એર-ગન શૂટરોને કોર્ટે જયુડીશીયલ કસ્ટડીમાં ધકેલ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના જ-માર્ગ પર સરિતા ઉધાન આગળ ગત રોજ બનેલી ફાયરીંગની ઘટનામાં ફાયરીંગ કરી નાસી છૂટેલા ૩ ઈસમોને પોલીસે મિનિટોમાં જ ઝડપી પાડયા હતા અને પૂછપરછ બાદ આજે ત્રણેયને કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની તજવીજ હાથ ધરી હતી. જેને કોર્ટે ના મંજૂર કરી ત્રણેય ને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

મળતી માહિતી અનુસાર ગાંધીનગરના જ માર્ગ પર સરિતા ઉધાન આગળ ગત રોજ સાંજના સુમારે જાહેરમાં ફાયરીંગ કરી ભારે સનસનાટી મચાવી નાસી છૂટનાર ત્રણ ઈસમોને કંટ્રોલના મેસેજના વર્ણનના આધરે પોલીસે મિનિટોમાં જ ચ માર્ગ પર ૭/૮ના બસ સ્ટેન્ડ નજીકથી ઝડપી પાડયા હતા. અને એર-ગન સહિત વેગનઆર કબજે કરી સેકટર-૭ પોલીસ મથકે લાવી સઘન પુછપરછ હાથ ધરતા ફાયરીંગ કરનાર ઈસમો ગજેન્દ્રસિંહ ગણપતસિંહ ચાવડા ઉ.વ.૩૦, શકિતસિંહ દિલીપસિંહ ચૌહાણ, ઉ.વ.૨૭ અને જીતેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા ઉ.વ.૨૭ તમામ રહેઠાણ સરગાસણ ગામ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. સેકટર-૭ પોલીસે આ નબીરાઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી તેમને આજે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની તજવીજ હાથ ધરી હતી પરંતુ કોર્ટે રીમાન્ડ ના મંજૂર કરી ફાયરીંગ કરનાર ત્રણેય નબીરાઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

## દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ સંજયગીરી ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, દશનામ ગોસ્વામી સમાજના તમામ વિદ્યાર્થીઓને સમાજ દ્વારા રાહતદરે નોટો-ચોપડાઓનું વિતરણ કરવામાં આવશે.

સમાજના પ્રમુખે જણાવ્યું છે કે સેક્ટર- ૧ થી ૧૪ના તમામ વિદ્યાર્થીઓએ મંત્રી નરેશપુરી ગોસ્વામીના બ્લોક નં. ૨૧૭/૨, સેક્ટર-૬ના નિવાસસ્થાને માર્કશીટની ઝેરોક્ષ આપી નોટ-ચોપડા મેળવવાના રહેશે. તથા સેક્ટર-૧૫ થી સેક્ટર-૩૦, પેથાપુર, જી.ઈ.બી.ના વિદ્યાર્થીઓએ હિતેશભારથી ગોસ્વામીને બ્લોક નં. ૩૩/૧, 'ઘ' ટાઈપ, સેક્ટર-૨૮ના નિવાસસ્થાને માર્કશીટની ઝેરોક્ષ આપીને નોટ-ચોપડા મેળવવાના રહેશે. દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓ રાહતદરે નોટો-ચોપડાના વિતરણનો બહોળા પ્રમાણમાં લાભ લે તેવું સંસ્થા પરિવારે જણાવ્યું છે.

**રક્તદાન મહાદાન**

## સૌરાષ્ટ્ર તંત્રી સંઘના કાર્યકારી પ્રમુખ તરીકે પ્રવીણ જાજલની વરણી

ગાંધીનગર, તા.૧૦

સૌરાષ્ટ્રમાંથી પ્રસિધ્ધ થતા લઘુ અખબારો-સાપ્તાહિકોના હક્ક-રીતના રક્ષણ માટે અને પ્રશ્નોના નિવારણ માટે કાર્યરત મધ્યસ્થ રજીસ્ટ્રર સંસ્થા સૌરાષ્ટ્ર તંત્રી સંઘના કાર્યકારી પ્રમુખ તરીકે પીઢ પત્રકાર દૈનિક અખબારોના પ્રતિનિધિ અને સુવાસ સાપ્તાહિકના તંત્રી પ્રવીણ જાજલની બિનહરિફ સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. પ્રવીણ જાજલની બિન હરીફ વરણી થતા સંસ્થાના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.


# કપડાં બાળી પોતાનું મોં કાળું કરી વૃદ્ધ કેનાલમાં ડૂબ્યા

ગાંધીનગર, તા. ૧૦

રાયપુર નર્મદા કેનાલ નજીક પોતાના જ કપડાં બાળી મોં કાળુ કરી એક વૃદ્ધ કેનાલમાં પડ્યો હતો. સિક્યોરીટી ગાર્ડના પ્રયત્નો છતાં તેને બચાવી શકાયો નથી.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લાના ફાંટા ગામના રહેવાસી ૬૫ વર્ષીય રામાભાઈ કાનાભાઈ રાવળ આજે બપોરે રાયપુર નર્મદા કેનાલે આવ્યા હતા. અહીં તેમણે પોતાના કપડાં અને બુટ ઉતારી બાળ્યા હતા અને તેની રાખ મો પર લગાવી કેનાલમાં પડતુ મુક્યુ હતુ. તેમને બચાવવા માટે સિક્યોરિટી ગાર્ડ પ્રવિણ ઠાકોરે ખુબ પ્રયત્ન કર્યા હતા. પરંતુ તેને બચાવી શકાયો ન હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચિલોડા મોટા ખાતે તળાવ ઊંડું કરવાની કામગીરી પૂરજોશમાં



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૦

ગુજરાત રાજયમાં જળસંકટની સમસ્યા વધુ વિકટ ન બને તેવા હેતુસર ચોમાસામાં વરસાદી પાણીનો ઉપયોગ દ્વારા ભુગર્ભજળના તળ જળવાઈ રહે, ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રહે, તેવા ઉમદા કાર્યરૂપે ગામ તળાવ અને સીમ તલાવડીમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો તેવી તાતી જરૂરીયાત પ્રવર્તી રહી છે. તે સંદર્ભે ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વાર સામે વિશાળ તળાવમાં સરકારી યોજના હેઠળ જે.સી.બી. દ્વારા તળાવ ઉંડુ કરવાની કામગીરી પુરજોસમાં ચાલી રહી છે. આ સાથે તળાવની માટી નજીકના ગામના મુખ્ય માર્ગો તથા જાહેર સંસ્થાઓમાં જરૂરીયાત પ્રમાણે માટીનો ઉપયોગ થતાં એક પંથ દો કાજ સિદ્ધ થઈ રહ્યું છે. આમ તળાવ ઉંડુ કરવાની કામગીરીથી ગામના વિકાસકાર્યમાં નવો ઓપ અપાઈ રહ્યો છે. જ્યારે વિશાળ તળાવમાં સમગ્ર ગામનું વરસાદી પાણી તથા ધણપ ક્રોસમાંથી આવતું પાણીનો ભરાવો થતાં મીની સરોવર જેવું પીકનીક સ્પોર્ટ બનશે તેવા સંકેતો સાંપડી રહ્યા છે. આ સાથે વિશાળ તળાવના કાંઠે માટીના પાળા કરવાથી તળાવના રસ્તાઓ વધુ સુવિધાયુક્ત બનતાં નાગરિકોમાં આનંદ અને રાહતની લાગણી પ્રવર્તી રહી છે. છેલ્લા અઠવાડિયામાં વરસાદી ઝાપડાંથી કામગીરીમાં વિઘ્ન આવે તેવા સંકેતોથી ચિંતા પ્રવર્તી રહી છે.

## કડાદરામાં ઉર્સ મુબારક - હઝરત કાલુ સૈયદ

ગાંધીનગર, તા. ૧૦

દહેગામ તાલુકાના કડાદરા ગામે આવેલ હઝરત કાલુ સૈયદના ઉર્સ અને સંદલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ મી જૂનના રોજ સંદલ શરીફમાં અજમેરથી ખાસ મહેમાન ખાદીમ નસીર અહેમદ ચાદર પેશ કરશે. ત્યારબાદ રાત્રે ૧૦ કલાકે ગુજરાતના મશહૂર કવ્વાલ મોઈન સાબરી વિરૂધ્ધ યુસુફ હિન્દુસ્તાનીની કવ્વાલીનો મુકાબલો રાખેલ છે. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટી મેયર, યુસુફભાઈ પરમાર, ખેડાલ મનસૂરી સમાજના પ્રમુખ, શ્રી ગનીભાઈ મનસૂરી તેમજ પૂર્વ જિલ્લા પંચાયતના સભ્યશ્રી કાળુસિંહ બિહોલા ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉર્સ મુબારક કડાદરા ગામ સાથ-સહકારથી હિન્દુ-મુસ્લિમ તા. ૧૨ મી જૂનો ઉર્સ મનાવવામાં આવશે. તેમ ઉર્સ કમિટીના ગનીભાઈ મનસૂરી એ ધર્મપ્રેમી જનતાને કાર્યક્રમ સફળ બનાવવા અનુરોધ કરેલ છે.

# ચંદાનું ઘર વસે તે માટે અમે સારૂં પાત્ર શોધી રહ્યા છીએ...

**મા-બાપની છત્રછાયા ગુમાવી ચુકેલી નાનકડી ચંદા સાવ અજાણ્યા જ્યોતિબેનનો હાથ પકડી ગાંધીનગર આવી ગઈ : એ વાતને વર્ષો વિતી ગયા, હવે દીકરીની જેમ રહેલી ચંદાને પરણાવવા જ્યોતિબેન ઉતાવળા થયા છે**



સંબંધો ક્યાંથી ક્યાં જોડાય છે તેની તેની કાળા માથાના માનવીને તો ક્યાંથી ખબર પડે. ક્યાં રતલામ, ક્યાં મુંબઈ અને ક્યાં આપણું ગાંધીનગર. સેક્ટર-૩-ડીમાં રહેતા જ્યોતિબેન ભટ્ટ જો ૧૭ વર્ષ અગાઉ મુંબઈ ન ગયા હોત તો તેમને સંબંધો અને સ્થળોની આંટીઘૂંટી સમજાઈ જ ન હોત. મુંબઈ ગયેલા જ્યોતિબેન કોઈપણ ઓળખાણ વગર મા-બાપની છત્રછાયાથી દૂર થઈ ગયેલી ચંદાને ઘરે લઈ આવ્યા અને ઘરની દિકરી જ બનાવી લીધી.

વાતનું અનુસંધાન જોડતા જ્યોતિબેન ભટ્ટ કહે છે કે લગભગ ૧૭ વર્ષ અગાઉ હું મારા ભાઈના ઘરે મુંબઈના અંધેરી(ઈસ્ટ) વિસ્તારમાં ગઈ હતી. અહીં સામે જ એક ફ્લેટની ઓસરીમાં નાનકડી આઠ વર્ષની બાળકીને આખો દિવસ પુરાયેલી અને રડતી જોતી હતી. પુછપરછ કરતા જાણવા મળ્યું કે તે નાનકડી દીકરી મૂળ રતલામની રહેવાસી છે. માતાપિતાની છત્રછાયા અચાનક ઝુંટવાઈ જતા તેનો દૂરનો ભાઈ તેને મુંબઈ લઈ આવ્યો. અહીં નાનકડી ચંદા ભાઈ-ભાભીનું દરેક વૈતરું કરતી પરંતુ તેની સાથે ભાભી અમાનુસી વ્યવહાર કરતી અને બહાર જવાનું હોય ત્યારે અગાસીમાં પુરીને જતી. એક દિવસ ભાભીએ ખુબ માર મારતા તેની દૂરની બહેન મને ચંદાની સોંપણી કરીને જતી રહી. બસ ત્યારથી તે અમારી સાથે જ છે.'

જ્યોતિબેનને ત્રણ દીકરીઓ અને દિકરાનો મોટો પરિવાર છે. આવી પરિસ્થિતિમાં અનાથ ચંદાને પોતાના ઘરે લઈ આવવાની વાતનો ઘણાએ વિરોધ કર્યો. જ્યોતિબેનની મોટી દીકરીએ તો આ બાબતે મમ્મી સાથે ખુબ લાંબી ચર્ચા કરી. પરંતુ આટલા મોટા શહેર મુંબઈમાં નોધારી ચંદાને એકલી મુકતા જ્યોતિબેનનો જીવ ન ચાલ્યો. તેમણે ચંદાને પોતાની ચોથી દીકરી ગણી અને તેને ગાંધીનગર લઈ આવ્યા.

જ્યોતિબેનના પુત્રવધૂ હેમા ભટ્ટ કહે છે કે હવે તો ચંદા ખુબ સારૂ ગુજરાતી બોલે છે. થોડુ ઘણુ લખતાય શીખી છે. મારી ત્રણેય નણંદો તો પરણીને સાસરે ઠરીઠામ થઈ ગઈ છે. હવે ઘરનુ અને મમ્મીનું ધ્યાન ચંદા જ રાખે છે. અમે બંને પતિ-પત્નિ સર્વિસ કરીએ છીએ. ઘરની એક સભ્ય બની ગયેલી ચંદા મમ્મીની સાથે રહી ઘરનું બધુ જ ધ્યાન રાખતી હોવાથી અમને ઘરની ચિંતા રહેતી નથી. મારા બંને બાળકો જીલ અને જૈવલ સાથે પણ ચંદા ખુબ હળીમળી ગઈ છે. મમ્મી થોડાક સમય માટે કેનેડા ગયા ત્યારે મારા બાળકોની સારસંભાળ તેણે જ રાખી હતી. ચંદાના લગ્નની વાત આવે ત્યારે જૈવલ તો ખુબ ઉદાસ થઈ જાય છે. ચંદા હવે ૨૨-૨૩ વર્ષની થઈ હોવાથી તેને પરણાવવા માટે અમે સારુ પાત્ર શોધી રહ્યા છે. તેનું પોતાનું ઘર હોય તેવી અમારા તમામની મહેચ્છા છે.'

જ્યોતિબેનના પુત્ર મંથનભાઈ કહે છે કે પુર્વજન્મના કોઈ લેણાં હશે તો જ સાવ અજાણી ચંદા અમારા પરિવારની સભ્ય બની. ખુબ લાગણીશીલ એવી ચંદાએ આટલા વર્ષોમાં ક્યારેય અમને ફરિયાદનો મોકો નથી આપ્યો. તેના લગ્ન કરાવી દઈએ તો અમારી ફરજ પુર્ણ થઈ ગણાશે.

**સંબંધ સજાવે જિંદગી**
**વી આર ફેમિલી**
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

**સિટી પલ્સ**

: સ્કીન-૧ :
શાંઘાઈ : ૧૨.૦૦
રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્કીન-૨ :
શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
રાઉડી રાઠોડ : ૧૨.૧૫

: સ્કીન-૩ :
શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૪ :
રાઉડી રાઠોડ : ૧૧.૦૦
શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

**સિને મેક્સ**

**સ્કીન-૧ :** પ્રોમેથ્યુસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦
મડાગાસ્કર :૩- યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦
શાંઘાઈ : ૯.૩૦
**સ્કીન-૨ :**રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
**સ્કીન-૩ :** શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**સ્કીન-૪ :** શાંઘાઈ : ૧૦, ૧૨.૩૦, ૩, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- રાત્રે ૯.૩૦ કલાકે આર્ટ લવર્સ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

**સામાજિક**

- પતંજલિ યોગ સમિતિ દ્વારા પ્રાણાયમ શિબિરનો આરંભ સેકટર-૪ના બગીચામાં સવારે ૫.૩૦ કલાકે કરવામાં આવશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. કુટુંબના કોઈ વ્યક્તિથી વિવાદ થઈ શકે છે.

**વૃષભ :** વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમારી વિજય થવાનો યોગ છે. માલ મિલકતની બાબતો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**મિથુન :** દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ખર્ચ અનાવશ્યક રૂપથી વધશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થશે.

**કર્ક :** જીવનસાથીના વ્યવહારમાં અનુકૂળતા રહેશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ઉન્નતિ થશે.

**સિંહ :** જોખમના કાર્યથી બચવું જોઈએ. કૌટુંબિક સમસ્યાની ચિંતા રહેશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કન્યા :** આમોદ પ્રમોદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**તુલા :** પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

**વૃશ્ચિક :** વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**ધન :** ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. આવકથી વધારે ખર્ચ નકરો. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર :** મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

**કુંભ :** લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**મીન :** યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ રહેશે. શુભ સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ.શ્યામસુંદરી ગુપ્તા (ઉ.વ. ૭૪) બ્લોક નં. ૨૮૧/૫, સેકટર-૧ ૩સી, ગાંધીનગર.
- સ્વ. જીવનભાઈ મોહનભાઈ શ્રીમાળી (ઉ.વ.૭૦) મુ. મોટી આદરજ, રોહિતવાસ, તા.જી. ગાંધીનગર